# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ સાધર્મિક ભક્તિ ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# સાધર્મિક ભક્તિ

આજના કાળનો સૌથી મહત્વનો પ્રશ્ન સાધર્મિકનો છે. આજના મોંઘવારીના દિવસોમાં સાધર્મિકોના પ્રશ્ન સાંભળતા આંખમાં આંસુ પડે તેમ છે. પૂર્વે આર્થિક સ્થિતિ ખરાબ હતી તેવા જૈનો હતાં, આજે મધ્યમ વર્ગના સાધર્મિકોને પણ સ્કૂલ-કોલેજ તથા હોસ્પિટલના ખર્ચા આર્થિક સ્થિતિને નાજુક કરી રહ્યા છે. માંડ થોડીક મૂડી ભેગી થઈ હતી તે એક બિમારીમાં ખલાસ થતી જોઇ છે. હવે શું કરવું ?

થોડાક ઉપાય વિચારીએ.

**(૧) સાધર્મિક સ્થિરીકરણ યોજના :** જે સાધર્મિક ભાઇ કે બહેનને આર્થિક સ્થિતિ નાજુક થઇ હોય તેઓને સ્થિર કરવા તે આજના કાળે ચેલેંજનું કાર્ય છે.

(A) જેના ઘરમાં કોઇ કમાવનાર ન હોય તેઓને રોજ ટીફીનની વ્યવસ્થા નિઃશુલ્ક કરી આપવી જોઇએ. જ્યારે કોઇ આવકનું સ્થાન ન હોય અને શરીર જ ચાલતું ન હોય ત્યારે યુવાનોની ટીમ આ કાર્ય ઉપાડે તો ઘણા વૃદ્ધ સાધર્મિકોને રાહત થાય. Feed the hour and get ride. અઠવાડિયે-પંદર દિવસે જો કાર્યકર્તા તેઓની સાથે ૧૫-૨૦ મિનીટ બેસે તો થોડીક હૂંફ મળે, મનને શાંતિ મળે અને થોડાક પુસ્તકો વાંચવા આપો તો વ્યક્તિ વિચારતી થઇ જાય. જાપ-સ્વાધ્યાયાદિ પ્રેરણા કરવાથી છેલ્લી ઉંમરે ધર્મ સૂઝશે. ધર્મમય જીવન બનશે તો આયુષ્ય પણ આવતા ભવ માટે સુંદર અને સારું બંધાશે. (its not how much we give but how much love we put into giving).

(B) જેને સર્વિસ અથવા ધંધો કરવો હોય તેના માટેની વ્યવસ્થા સ્થાનિક કાર્યકર્તા કરી આપે તો માણસ દોડતો થાય. ઘણીવાર પૈસાની અછતને કારણે ધંધાદિને જમાવી શકતા નથી. આવા ભાવનાશીલ અને પ્રયત્નશીલ વ્યક્તિને જો આર્થિક રીતે support / help-assist અથવા ઓછા પાપની સર્વિસ અપાવવામાં આવે તો જરૂર આર્થિક પ્રશ્નોમાં થોડીક રાહત થાય. તેથી તમારા મુખ્ય સંબંધી-મિત્ર વર્તુળ અથવા અન્યને પ્રેરણા કરીને સિદાતા તમારા નજીકના સંબંધીને પ્રથમ ચાન્સ આપીને આગળ વધારવા પ્રયત્ન કરવો જરૂરી છે.

કોઇક ભાઇ થોડો હોંશિયાર હોય અને નસીબ ધંધામાં વિશેષ ચાલતું હોવાથી જો નાની રકમ મળે તો વ્યક્તિ માંગવાની બદલે આપતો થાય તે માટે તેને જરૂર છે એક મજબૂત support ની. શું તમે જ પોતે ૧-૨-૩ family ને સપોર્ટ ન આપી શકો ? ખાસ આ કાર્ય કરવાનું ગોઠવશો. તમારા ધંધા અને દુકાનમાં કામ કરવામાં થોડો નબળો હોય તો પણ કામ કરીને પૈસા મેળવવાની તેની ભાવના ઉત્તમ કહેવાય. મુંબઇના એક સંઘમાં શ્રીમંતોએ ૬૫ સાધર્મિકોના ઉત્થાનની જવાબદારી સ્વીકારી હતી. જો આમ દરેક સંઘમાં ૨૫-૫૦ શ્રીમંતો ૨૫-૫૦ સાધર્મિકના ઉત્થાનની જવાબદારી સ્વીકારી લે તો સાધર્મિકનો પ્રશ્ન solve થઇ શકે. Helping others is the way we halp ourselves.

**(૨) સસ્તું અનાજ-દવાદિની વ્યવસ્થા :** જૈનોની વસ્તી પ્રાયઃ દરેક સંઘમાં ઘણી હોય છે. અને કદાચ દરેક સંઘમાં જે સભ્યો હોય તેમાંથી અનાજાદિની દુકાનવાળા પ્રાયઃ હોય છે. તેવી રીતે દવાની દુકાનવાળા પણ પ્રાયઃ મળે છે. જો આપણા જૈનને કન્સેશન ભાવમાં અનાજ-દવાદિ મળે તો થોડીક રાહત થઇ શકે. આવું

દરેક સંઘના ટ્રસ્ટી વ્યવસ્થા ગોઠવી આપે તો સારું પડે. દર રવિવારે બપોરે wholesale ભાવમાં ગોળાદિનું વિતરણ કરે તો ઘણાં વ્યક્તિઓને આર્થિક રાહત થાય અને યુવકમંડળને પ્રવૃત્તિ મળે. We rise by lifting others.

**(3) એમ્પલ્યોયમેન્ટ એક્સચેંજ All Grouth depends upon activity :** આજનો ગ્રેજ્યુએટ ડબલ ગ્રેજ્યુએટ થાય છતાં પણ સર્વિસ મેળવવી સહેલી નથી. એકલું ભણવાનું નથી ચાલતું પરંતુ અનુભવ, જ્ઞાન, પુણ્ય, ઓળખાણાદિ નિમિત્તોની પણ જરૂર પડે છે. જે વ્યક્તિને પોતાની Office માં સારા વ્યક્તિની જરૂર હોય તે પોતાના સંઘના Whatsapp group માં જાહેરાત મૂકે તો સ્થાનિક વ્યક્તિ પણ કદાચ સારા મળી શકે. તેથી દૂરથી બોલાવવા કરતાં ક્યારેક નજીકના વ્યક્તિ ઉપયોગી બને અથવા જે વ્યક્તિને પોતાને job જોઇતી હોય તેને પોતાનો Bio-data સાથે જાહેરાત મૂકવાથી યોગ્ય વ્યક્તિને યોગ્ય સ્થાન મળે તે જરૂરી છે. એક વ્યક્તિને જો job મળે તો સંપૂર્ણ કુટુંબ શાંતિ મેળવે છે તે ધ્યાન રાખવું. પ્રથમ આપણે આપણાં કુટુંબને કે સંઘના સભ્યોને સર્વિસમાં ગોઠવીએ.

**(૪) લોન યોજના :** આજે કેટલીક સંસ્થાઓ લોન માટે મહેનત કરે છે. જો ધંધાદિ માટે લોન મળી રહે તો તે દોડતો થઇ જાય. વગર વ્યાજની લોન અથવા ૨% થી ૩% વ્યાજે લોન મળે અને દર મહિને રકમ પાછી આપવાનો હપ્તો નક્કી થાય તો કાર્ય જલ્દી ઉપડે છે. આવું આયોજન વધુમાં વધુ થાય તો વાણિયો ક્યારેય નોકરી ન કરે. ભણેલાને પોતાના દુકાને સર્વિસે બેસાડે. પૂર્વે ઘણા જૈનો પોતાનો ધંધો કરતાં હતા. આજે સર્વિસનો ટ્રેન્ડ ચાલે છે. સરકારની policy પણ ધંધો તોડવાની થતી જાય છે. લગભગ સરકારની નીતિઓ શ્રીમંતને વધારે શ્રીમંત બનાવવાની

હોય છે. માઇનોરિટીમાં જૈનોને ઘણા benefit (advantage) મળે છે. તમે તપાસ કરાવશો તો સરળતાથી સારી રકમ લોન રૂપે મળી શકશે.

**(૫) રહેઠાણ :** મોટા શહેરમાં કદાચ રોટલો મળી રહે પણ ઓટલો મેળવવો મુશ્કેલ છે. જગ્યાના ભાવ ઝડપભેર વધતાં જાય છે ત્યારે નવી જગ્યા લેવી તે દિન-પ્રતિદિન અઘરૂં થતું જાય છે. નવો વ્યક્તિ શહેરમાં આવ્યા બાદ સર્વિસ મેળવતા જે રકમ મેળવે તેમાંથી flat લેતાં વર્ષો નીકળે છતાં પોતાનું ઘર લઇ શકતો નથી. ગામડાંના મોટા ઘરો છોડી નાનું ૩૦૦-૪૦૦ ફૂટના ઘરનું પણ ઠેકાણું પડતું નથી. શું કરવું ? જો કોઇ સંસ્થા આવું કાર્ય ઉપાડે અને દાનવીરો ઘરદીઠ કન્સેશન આપે તો જ નવું ઘર શક્ય બને. જૈન Apartment બને તો બધા એક સાથે જૈનો રહે. આરાધનાદિ સરસ થઇ શકે. નહીંતર આજુબાજુમાં ઇતર કોમ રહેતા હોય તો નાના બાળકોમાં કદાચ સંસ્કાર ખરાબ પડે તેવી શક્યતા રહે. પૂ. ગુરુદેવશ્રીની પ્રેરણાથી અમદાવાદ-સુરત-નવસારી-વિરાર-મીરારોડમાં સાધર્મિક આવાસ થયાં. જેમાં પૂર્વે ઝૂપડાદિ અન્ય સ્થાનોમાં રહેનારને જૈન સોસાયટીમાં રહેવા મળ્યું, સારાં સંસ્કારો પણ પ્રાપ્ત થયા. આજે પણ આવુ કરવું જરૂરી બની રહ્યું છે. નહિંતર અન્ય સ્થાને રહેતા જૈનો જૈનપણું છોડી જૈનેતર બની જાય છે.

Homeless people are not the problem.

They are the result of the problem.

**(૬) ઘર ઘરમાં શુદ્ધ ભોજન વ્યવસ્થા :** જૈન ભોજનશાળા ગામેગામ ચાલતી નથી. જો આ માટે ગામના બે-ત્રણ કુટુંબીઓ પોતાને ત્યાં શુદ્ધ ભોજન બનાવી આપે અને ઘરે જમાડે અથવા

ટીફીન આપે તો શુદ્ધ ભોજન ગામના વ્યક્તિઓને મળી શકે. Good food is the foundation of genuine happiness. એવી રીતે શુદ્ધ ખાખરા-પાપડ-નાસ્તાદિ પણ અવસરે બનાવી આપે તો શુદ્ધ ભોજન સંઘના વ્યક્તિઓને મળે. અશુદ્ધ અને અભક્ષ્ય ભોજન હોટલ-લારીનું વાપરવું ન પડે. M.C. ની અંદર પણ ઘરમાં જે પ્રશ્ન ઉભા થાય તે છૂટ થઇ શકે અને M.C. નું પાલન સરળ થઇ શકે. જે ઘર શુદ્ધ-સાત્વિક ભોજન સમયસર આપે તો તેને આર્થિક આવક પણ ઉભી થાય અને જૈન ધર્મનું ચુસ્ત પાલન કરનારની અનુકૂળતા જળવાઇ રહે.

**(૭) જુદા જુદા ક્લાસિસ :** જે બહેનો યુવાન હોય અને તેઓને સમય મળતો હોય, ઘરમાં મોંઘવારીને કારણે આર્થિક આવકની જરૂર પડતી હોય તેને સર્વિસ કરવી કે નહિ ? જો ના પાડશો તો આવકનો વિકલ્પ શું ? જો નાની ઉંમરમાં નાની દીકરીઓને જુદા-જુદા નાના-નાના ક્લાસિસ કરાવી દેવાય તો મોટી ઉંમરમાં કામ આવે. જેમ કે સિવણ ક્લાસ, મહેંદી ક્લાસ, રંગોળી-ગહુંલી ક્લાસ, પૂજાઓ-સ્નાત્રના, સંગીત-સ્પીચ, નવા-નવા આયોજનાદિના ક્લાસ કરાવી દેવાય તો પુરક આવક ઉભી થાય. પણ આ પુરક આવક માટે ધર્મ ભૂલાવો ન જોઇએ. હવે તો ધાર્મિક ટ્યુશન ક્લાસિસમાં સ્વ-પરને ઉભયનો લાભ મળે છે. પોતાના સૂત્રો પાકા થાય અને બીજા તૈયાર થાય. તેથી ધાર્મિક લાઇનમાં પણ ઘણા Chance છે. જેવા કે ધાર્મિક અભ્યાસ-જનરલનોલેજ - નવી નવી સ્પર્ધા-મોટા બહેનો માટે self-defence-લવજેહાદ-ધર્માંતર વગેરે દ્વારા બહેનોને alert રાખવા.

"Make awareness to become selfmade."

**(૮) સાધર્મિક વાત્સલ્ય :** જૈન સંઘમાં ક્યારેક સ્વામિવાત્સલ્ય

થતું હોય છે. તેમાં અનેક મુદ્દા વિચારણીય બને છે. પરંતુ સાધર્મિક વાત્સલ્ય ક્યારે કહેવાય ! જો શક્ય હોય તો બેસાડીને લાભાર્થી બધાને પ્રેમથી જમાડે. હમણાં પીરસવા માટે અજૈન લોકો આવે છે તેના બદલે સંઘના યુવકમંડળના તથા યુવતી મંડળના સભ્યો જો જાતે જ યુવકો ભાઇઓને અને યુવતીઓ બહેનોને વપરાવે તો કેવો અદ્ભૂત આનંદ આવે. વર્ષમાં બે-ત્રણ-ચાર વાર જ પ્રાયઃ ભક્તિ થતી હોવાથી લાભ લેવામાં પણ પડાપડી થાય. બહેનોના મંડળવાળા અનાજાદિની તથા પાણી આદિની જયણા રાખે. અમુક ભાઇઓ રસોઇયાની સાથે રહીને શુદ્ધ સાત્વિક આઇટમો ઉપર ધ્યાન રાખે. આમ થવાથી સંઘમાં એક વાત્સલ્યનું વાતાવરણ બનશે. મધ્યમ સ્થિતિવાળા વ્યક્તિઓને સાત્વિક અને પૌષ્ટિક વસ્તુ વાપરવા મળવાથી શરીર સશક્ત બનશે. તેઓ દેરાસર-ઉપાશ્રયની સાથે જોડાશે. આમ સાધર્મિક વાત્સલ્યનો લાભ દાનવીરોને-કાર્યકર્તાઓને-ભક્તિ કરનારા બધાને મળશે. થાળી ધોઇને પીવી-લૂંછવી-એઠું ન મૂકવું, જરૂર પડતું જ લેવું, ખાતા-ખાતા ન બોલવું વગેરે સંસ્કારો સારા પડશે. સાધર્મિક વાત્સલ્યમાં એક બહેનની સ્થિતિ સારી ન હોવા છતાં ૧૦૦ ગ્રામ દૂધ મોટા તપેલામાં નાંખી ભક્તિનો લાભ લીધો. આવી ભક્તિથી અનેકોને સદ્‌બુદ્ધિ પેદા થાય - સત્સંગ - ચરિત્રો આદિ પણ પ્રાપ્ત થાય - દેરાસર - ઉપાશ્રયમાં આવતાં થતાં ક્યારેક જીવન પરિવર્તન - હૃદય પરિવર્તન પણ થઇ શકે. સંઘના દરેક ફંક્શન સંઘના ભાઇ-બહેનોને સોંપવા. અન્ય ધર્મી કરતાં જૈનોને રકમ મળે તે બહુ જરૂરી છે. સંઘના સભ્યો પણ દિલથી કાર્ય કરશે.

**(૯) મેડિકલ સેન્ટર :** આજના સમયમાં દર વર્ષે ઘણી રકમ ફેમીલીની દવા-હોસ્પિટલ માટે વપરાય છે. જો ઘરમાં કોઇ બીમાર

પડે તો ડોક્ટરો પ્રથમ રીપોર્ટ કઢાવવાનું કહે જેથી અનેક ચેકિંગ થવાના કારણે સારી રકમ મેડિકલમાં વપરાઇ જાય છે. બીમારીનો ભય એવો હોય છે કે ડોક્ટર જે કહે તે રકમ આપવા તૈયાર થાય અને જે કહે તે checking કરાવવા તૈયાર થઇ જાય છે. ત્યારે મધ્યમ વર્ગના વ્યક્તિઓને આ ખર્ચ થોડો ભારે પડે છે. જૈનોને રાહત થાય તે માટે ગોવાલિયા ટેંક-પ્રાર્થના સમાજ, ગીતાંજલિ (બોરીવલી) વગેરે સ્થાનમાં રાહત દરે medical centre ચાલે છે. તેથી ઘણા મધ્યમવર્ગીય વ્યક્તિઓને રાહત મળે છે. આવી વ્યવસ્થા પણ સાધર્મિકને રાહત કરનારી છે. I gave up my life to learn how to save yours.